# ટપક E-MAGAZINE

Volume 4, Issue 03

June 2026

૨૯ – ઓમનગર (૩), જી.આઇ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત


**સંસ્થાનું વાર્ષિક મિલન ૨૦મી જુન ૨૦૨૬ના રોજ અમરેલી મુખ્ય કાર્યાલય ખાતે યોજાઈ. જેમાં સંસ્થાની ટીમ, સભાસદ મિત્રો અને બોર્ડ ઓફ ડીરેક્ટર હાજર રહ્યા હતા. વર્ષ દરમિયાન સંસ્થાના ઉદ્દેશ્યો અનુસાર થયેલ કાર્યક્રમોનો સિતાર રજુ થયો. આ કાર્યક્રમમાં સાથી મિત્રોએ તેમના અનુભવોનું આદાન પ્રદાન કર્યું. સાથે સાથે વર્ષ ૨૦૨૫-૨૬ માટે 'બેસ્ટ ટીમ પરફોર્મન્સ' અને 'ફર્સ્ટ રનર અપ ટીમ'ની ઘોષણા કરવામાં આવી. જેમાં 'બેસ્ટ ટીમ પરફોર્મન્સ' માટે ધોકડવા ક્લસ્ટર અને 'ફર્સ્ટ રનર અપ ટીમ' તરીકે IADLE પ્રોજેક્ટ ટીમની જાહેરાત થઇ. સંસ્થાના કાર્યકર રમેશભાઈ સોલંકી દ્વારા 'ક્લાયમેટ એક્શન' પર ટીમની સમજ બનાવવામાં આવી.**












ટપુક E-MAGAZINE
Volume 4, Issue 03
June 2026

**આયોજન પ્રમાણેની કામગીરી ઉત્તમ કપાસ પહેલ કાર્યક્રમમાં મહિના દરમિયાન થઈ જેમાં મુખ્યત્વે ખેડૂતો અને ખેત મજૂરોની તાલીમો અને મીટીંગો, એલ.જી. મીટીંગ, ઉદ્યોગ સાહસિકોની મુલાકાત, બાયો ઈનપુટ સેન્ટર મુલાકાત, એન.આઈ.સી.ની મુલાકાત, રેપીડ કીટ દ્વારા માટી પરીક્ષણ, ગમ બુટનું લાભાર્થીઓને વિતરણ, માટી પરીક્ષણ રીપોર્ટ વિતરણ અને પરામર્શ, એસ.ડબ્લ્યુ.સી. સાઈટની મુલાકાત, નેચરલ ઈનપુટ સેન્ટરની મુલાકાત જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી.**












**૧૨૬ ગામોમાં રિજનરેટિવ પ્રેક્ટીસ માટે ખેડૂતોને મગ અને સૂર્યમુખીના ડેમો આપવામાં આવ્યા.**




E-MAGAZINE
Volume 4, Issue 03
June 2026

**કાર્ય વિસ્તારના ગામોમાં પર્યાવરણની જાગૃતિ માટે 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી. ટીમ દ્વારા પર્યાવરણના મહત્વને અને હાલની જરૂરિયાતોને લોક સમુદાય સમક્ષ રજુ કરવામાં આવી.**




**પીયુ લેવલની માસિક મીટીંગ સંસ્થાની ઓફીસ ખાતે તા. ૨૦.૬.૨૦૨૬ના રોજ યોજાઈ જેમાં દરેક પીયુંમાં થયેલ પ્રવૃત્તિ અને પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી.**







**કોટન કનેક્ટમાંથી કિરણભાઈ પાટીલ દ્વારા કાર્ય વિસ્તારના ગામોની મુલાકાત કરવામાં આવી જેમાં નેચરલ ઈનપુટ સેન્ટર, ગ્રીન ફુકસ્ટવના લાભાર્થી અને SWC સાઈટની મુલાકાત કરવામાં આવી.**







**રાદડિયા ખીજડીયા, વાંડળીયા, ચરખા અને હરીપુરા ગામમાં ૧૦૦ ખેડુતોને પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ ઈકેવાયસી કરાવવામાં ટીમના સભ્યો મદદરૂપ થયા. તેમજ ચિતલ ગામમાંથી સાત બહેનોને બ્યુટી પાર્લરના એક બહેનને ભરતકામનું અને ત્રણ બહેનોને ઈશ્રમકાર્ડના ફોર્મ ભરી આપવામાં આવ્યા.**





**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - અમરેલી સાથે સંકલન કરી ચમારડી અને પીરખીજડિયા ગામના ચાર ખેડૂતને મગફળીના ડેમો આપવામાં આવ્યા. આત્મા સાથે જોડાણ કરી ગિરનાર-૪ જાતનું ૨૦ કિલો મગફળીનું બિયારણ મેળવવામાં આવ્યું. ત્રણ ખેડૂતોને મગફળીનું બિયારણ વિતરણ કરવામાં આવ્યું.**









**સરકારી અને બિન સરકારી સંગઠનો જેવાકે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - અમરેલી, મહિલા સહાયતા કેન્દ્ર, 181 હેલ્પલાઇન, આશીર્વાદ ફાઉન્ડેશન, કાનૂની સહાય કેન્દ્ર અને બાગાયત વિભાગની મહિલા વૃત્તિકા યોજના અંતર્ગત કાર્ય વિસ્તારના ગામોમાં સંકલન કરી માહિતી, તાલીમ અને સહાય પહોચાડવામાં ટીમ સહયોગી બની.**









**ટીમના સભ્ય કૌશિક પંડ્યાએ તા. ૨૩ થી ૨૫ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન હૈદરાબાદ ખાતે યોજાયેલ "જંતુનાશકોની ઝેરી અસર અને પર્યાવરણીય જોખમ ઘટાડવા" વિષયક તાલીમમાં ભાગ લીધો હતો.**













ટપક E-MAGAZINE
Volume 4, Issue 03
June 2026

## સંકલિત કૃષિ વિકાસ અને આવક વૃદ્ધિ કાર્યક્રમ

**IADLE પ્રોજેક્ટ અંતર્ગત મહિના દરમિયાન નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી: ૫ ગામોમાં CLC બેઠકોનું આયોજન, ૪ લાભાર્થી ખેડૂતોના ખેતરોમાં ટપક સિંચાઈ (ડ્રિપ ઈરીગેશન)નું સ્થાપન, કૂવા રિચાર્જના કાર્યો તથા માસિક સ્ટાફ મીટિંગનું આયોજન.**








ટપુક E-MAGAZINE
Volume 4, Issue 03
June 2026

## ગ્રામીણ સમુદાયોની આત્મનિર્ભરતા અને સ્થિતિસ્થાપકતામાં સુધાર કાર્યક્રમ

મહિના દરમિયાન ગોંડલ ક્લસ્ટરમાં વિવિધ ગામોમાં સમુદાય વિકાસલક્ષી અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. પાંચ ગામોમાં ૪૧૦ લોકોની ભાગીદારી સાથે જનજાગૃતિ તાલીમનું આયોજન કરવામાં આવ્યું તેમજ ગોંડલ અને કોટડા સાંગાણી તાલુકાના પાંચ ગામોમાં "લેટ્સ મૂવ ઈન્ડિયા – ઓલિમ્પિક ડે 2026" ની ઉજવણી કરવામાં આવી. મોટી ખીલોરી અને કોલીથડ ગામોમાં ૨૫૦ સહભાગીઓ માટે હિતધારક તાલીમ કાર્યક્રમો યોજાયા, જ્યારે કોમન રિસોર્સ મેનેજમેન્ટ પ્લાન અને વોટર બજેટિંગ અંગેની તાલીમમાં ૧૦૧ લોકોએ ભાગ લીધો. પાંચ ગામોમાં આશા કાર્યકરો માટે પોષણ વિષયક તાલીમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૨૭૫ આશા કાર્યકરો જોડાયા. કૃષિ ક્ષેત્રે પાક વ્યવસ્થાપન અંગે જાગૃતિ કાર્યક્રમો, ઘોઘાવદર ગામમાં ખેડૂતો સાથે જૂથ ચર્ચા તેમજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ડૉ. પી. જે. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ જમીન પરીક્ષણ અહેવાલની સમજ અને ખાતર વ્યવસ્થાપન અંગે યુટ્યુબ લાઈવ તાલીમનું આયોજન કરવામાં આવ્યું. ઉપરાંત, સાત ગામોમાં યુટ્યુબ મારફતે ડિજિટલ કૃષિ તાલીમ યોજાઈ, જેમાં ૨૩૯ ખેડૂતોને લાભ મળ્યો. ૧૦૦ ખેડૂતોને આવરી ૧૦૦ હેક્ટર વિસ્તારમાં ગુડ એગ્રીકલ્ચરલ પ્રેક્ટિસિસને પ્રોત્સાહન આપવાની શરૂઆત કરવામાં આવી તેમજ ૧૦ ગામોમાંથી જમીનના નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા. આ ઉપરાંત, સાજડીયાળી ગામમાં ૩૪ મહિલાઓ માટે ડિજિટલ માધ્યમ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો, પશુપાલકો માટે વૈજ્ઞાનિક પશુપાલન વ્યવસ્થાપન અંગે યુટ્યુબ લાઈવ તાલીમનું આયોજન કરવામાં આવ્યું અને ત્રણ ગામોમાં ૮૮ સહભાગીઓ સાથે ડિજિટલ તથા નાણાકીય સાક્ષરતા તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી.








# ગ્રામીણ સમુદાયોની આત્મનિર્ભંરતા અને સ્થિતિસ્થાપકતામાં સુધાર કાર્યક્રમ
















**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

2023 TOP-RATED GREATNONPROFITS NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia
Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

**Share your review**



www.sskkamreli.org info@sskkamreli.org